# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade B** by NAAC
(**CGPA 2.93**)

**વિષય :** તા.૨૨–૧૦–૨૦૧૦ સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ તથા પરિશિષ્ટ મોકલવા અંગે.

**શ્રીમાન,**

સવિનય, જણાવવાનું કે તા. ૨૨–૧૦–૨૦૧૦ ના રોજ મળેલ સિન્ડિકેટની બેઠકની કાર્યવાહી નોંધ તથા પરિશિષ્ટની સી.ડી. આ સાથે મોકલવામાં આવે છે, જે વિદિત થવા વિનંતિ.

**કુલસચિવ**

નં.: સિન્ડિ/ ૮૨ /૨૦૧૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ–૫.
**તા. ૧૮–૧૧–૨૦૧૦**

**પ્રતિ,**
(૧) સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ રવાના ( જાણ સારુ ) ::–**
૧. કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
૨. સંબંધિત વિભાગના વડાઓ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade B** by NAAC

(**CGPA 2.93**)

# સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૨૨–૧૦–૨૦૧૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ–૫

# સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી

Re-Accredited **Grade B** by NAAC
(**CGPA 2.93**)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓકટોબર માસની સામાન્ય સભા શુક્રવાર, તા.૨૨–૧૦–૨૦૧૦ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે નીચેના કામકાજ માટે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| **ક્રમ** | **સભ્યશ્રીનું નામ** | **હાજર / ગેરહાજર** |
|---|---|---|
| ૧ | ડો. કમલેશભાઈ પી.જોષીપુરા, કુલપતિશ્રી | હાજર |
| ૨ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ – શ્રી એચ.સી.પટેલ | ગેરહાજર |
| ૩ | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશનના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪ | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓના પ્રતિનિધિ – ડો.કે.કે.શાહ | ગેરહાજર |
| ૫ | પ્રિ. ડો.બાનુબેન આર.ધકાણ | હાજર |
| ૬ | પ્રિ. ડો. યજ્ઞેશભાઈ એમ. જોષી | હાજર |
| ૭ | પ્રા. શ્રીમતી વર્ષાબેન પી.છીછીયા | હાજર |
| ૮ | ડો. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૯ | શ્રી નેહલભાઈ સી. શુકલ | ગેરહાજર |
| ૧૦ | ડો. વિજયકુમાર કે. પટેલ | હાજર |
| ૧૧ | ડો. ગિરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૨ | શ્રી મહેશભાઈ બી. ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી મેહુલભાઈ પી. રૂપાણી | ગેરહાજર |
| ૧૪ | ડો. ભરતભાઈ બી. રામાનુજ | હાજર |
| ૧૫ | ડો. નિદત્તભાઈ પી. બારોટ | હાજર |

**૧.**
**સિન્ડિકેટ**

સિન્ડિકેટની તા.૧૫–૭–૨૦૧૦ ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૧૫–૭–૨૦૧૦ની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

**૨.**
**સિન્ડિકેટ**

સિન્ડિકેટની તા.૧૫–૭–૨૦૧૦ ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાના અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૧૫–૭–૨૦૧૦ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાના અહેવાલની નોંધ લેવી.**
**(નોંધ :– કાર્યાલયે લીધેલ પગલાનો અહેવાલ આ સાથે પરિશિષ્ટ – ૧ તરીકે સામેલ છે.)**

**કામકાજ ક્રમાંક : ૩ અને ૨૦ ની સંયુકત વિચારણા હાથ ધરવામાં આવી.**

**૩.**
**પરીક્ષા સેલ**

કોર્પ ઈન્પેક્ષ લિમિટેડ મુંબઈ – શ્રી અનિલ બી.વિરાણી તરફથી " શ્રી બી.એન.વિરાણી ગોલ્ડ મેડલ " હયુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ હયુમિનિટેરિયન લો ની ફાઈનલ પરીક્ષા માટે ગોલ્ડ મેડલ આપવા બાબત વિચારણા કરવા અંગે.

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રતિ વર્ષ લેવામાં આવતી હયુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ

હયુમિનિટેરિયન લો ની ફાઈનલ પરીક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પૈકી પ્રથમ પ્રયત્ને યુનિવર્સિટીમાં પ્રથમ આવે તેને ગોલ્ડ મેડલ આપવાનો રહેશે.

(૨) " શ્રી બી.એન.વિરાણી ગોલ્ડ મેડલ " ના નામનો ગોલ્ડ મેડલ આપવાનો રહેશે.

(૩) ગોલ્ડ મેડલ વર્ષ ૨૦૦૯–૨૦૧૦ ની પરીક્ષાથી આપવાનો રહેશે.

(૪) રૂા.૧,૩૩,૦૦૦/– નું દાન આપવામાં આવેલ છે. તેમાંથી રૂા.૧,૨૫,૦૦૦/– ની રકમ ગોલ્ડ મેડલ માટે જમા કરાવવાની રહેશે, તેમજ રૂા.૮૦૦૦/– નું ડોનેશન ચાલુ વર્ષનાં ગોલ્ડ મેડલ માટે સ્વીકારવાનું રહેશે.

(૫) મેડલ વિતરણ તથા તે અંગેના સમારંભના આયોજનની જાણ દાતાશ્રીને લેખિતમાં કરવાની રહેશે.

(૬) **દાતાશ્રીનું નામ/સરનામું**
શ્રી અનિલ બી.વિરાણી
૧૪૧૧, પ્રસાદ ચેમ્બર્સ
ઓપેરા હાઉસ,
**મુંબઈ–૪૦૦૦૦૪**

**પત્ર વ્યવહાર માટેનું સરનામું**
શ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ)
૨૬૮૬,માતૃ આશિષ, હિલ ડ્રાઈવ
**ભાવનગર–૩૬૪૦૦૨**
**(મો.) ૯૮૨૫૨૦૫૬૨૭**

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન બજાર ભાવે ધ્યાને લેતાં ગોલ્ડ મેડલ એનાયત કરવા માટે દાતાશ્રી તરફથી ઓછામાં ઓછા ૧૦ વર્ષની મુદત માટે ઓછામાં ઓછું રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) નું દાન સ્વીકારી દાતાશ્રીની શરત મુજબ ગોલ્ડ મેડલ એનાયત કરવાની નીતિ અમલી બનાવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત નીતિ મુજબ કામકાજ ક્રમાંક : ૩ ના પેટા ક્રમાંક ૧, ૨, ૩ માન્ય રાખી ગોલ્ડ મેડલ એનાયત કરવો તથા સદરહુ બાબતે દાતાશ્રી તરફથી ખૂટતી રકમ મંગાવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કામકાજ ક્રમાંક : ૨૦ માં દર્શાવેલ ૧૦ ગ્રામ વજનની વિગત હાલ ધ્યાને ન લેતાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ એટલે કે માર્ચ– ૨૦૧૧ થી લેવાનાર પરીક્ષાઓથી ૧૦ વર્ષ સુધી ગોલ્ડ મેડલ એનાયત કરવા**
**રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) નું દાન સ્વીકારી દાતાશ્રીની શરત મુજબ ગોલ્ડ મેડલ એનાયત કરવો.**

**૪.**
**મહેકમ–બ**

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ–૧૦૨૦૧૦–જીઓઆઈ–૪– ચ તા.૨૦–૦૭–૨૦૧૦ ના ઠરાવ થી સરકારશ્રીના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૧૯૯૮ હેઠળના પગાર ધોરણોમાં પગાર મેળવે છે. તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાં પ્રવર્તમાન દરમાં તા.૦૧–૦૧–૨૦૧૦ થી વધારો કરેલ છે તે સરકારશ્રીના ઠરાવ મુજબ અમલ કર્યાની જાણ થવા બાબત.

**(નોંધ :–**

(૧) સિન્ડિકેટની તા. ૨૪/૩/૭૮ ની સભામાં (ઠરાવ નં.૧ પેટા–૧૭) નીચે મુજબ છે.
"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી ભથ્થાંના દરમાં વધારો કરવાનો ઠરાવ યુનિવર્સિટીમાં આવે કે તુરતજ તેનો અમલ કરવો અને સિન્ડિકેટની જાણ માટે મુકવું."

(૨) સદરહુ ઠરાવમાં તા.૦૧/૦૧/૨૦૧૦ થી મૂળપગાર +મોંઘવારી પગારના ૮૭%)

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ–૧૦૨૦૧૦–જીઓઆઈ–૪– ચ તા.૨૦–૦૭–૨૦૧૦ ના ઠરાવ થી સરકારશ્રીના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૧૯૯૮ હેઠળના પગાર ધોરણોમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાં પ્રવર્તમાન દરમાં તા.૦૧–૦૧–૨૦૧૦ થી વધારો કરેલ છે તે સરકારશ્રીના ઠરાવ મુજબ અમલ કર્યાની નોંધ લેવી.**

**૫.** દાન સ્વીકારવાના માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.

**હિસાબ સખાવત** મે.બજાજ કેપીટલ લી.નવી દિલ્હી તરફથી રૂા.૧૫,૩૦,૯૦૦/– (રૂપિયા પંદર લાખ ત્રીસ હજાર નવસો પુરા) નું દાન બાંધકામના હેતુ માટે આવેલ છે. ઉપરોકત દાન માનનીય કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીએ સ્વીકારેલ છે. માનનીય કુલપતિશ્રીના દાન સ્વીકાર્યાના કાર્યને બહાલી આપવા બાબત. ઉપરોકત દાન બજાજ કેપિટલ ધ્વારા તેમના મારફત લીધેલ RBI બોન્ડનાં વળતર પેટે આપવામાં આવેલ છે. દાનનો કયા હેતુ માટે ઉપયોગ કરવો તે નકિક કરવાનું રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ દાનનો ઉપયોગ કયા બાંધકામ માટે કરવો તે અંગે નિર્ણય કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવી.**

**૬. મહેકમ–અ** યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ અધ્યાપકશ્રીઓએ તેમને મળવાપાત્ર ૩૦ દિવસોની ડયુટીલીવની મર્યાદા કરતા વધારાના દિવસોની ડયુટીલીવ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માં ભોગવેલ છે. જે મંજૂર કરવા વિચારણા થવા બાબત.

| ક્રમ | નામ | હોદ્દો | ભવન | ભોગવેલ ડયુટીલીવની તારીખ | કુલ દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | ડો.કે.એચ.મહેતા | પ્રોફેસર | અંગ્રેજી | ૧૮–૩–૧૦ | ૦૧ |
| ૨ | ડો.એ.કે.સિંઘ | પ્રોફેસર | અંગ્રેજી | ૪,૫,૮,૯,૧૩–૩–૧૦ | ૦૫ |
| ૩ | ડો.ડી.સી.ગોહિલ | પ્રોફેસર | કોમર્સ | ૨૪–૨–૧૦ અને ૧૨,૧૩,૧૫,૧૬,૧૭,૧૯, ૨૪–૪–૧૦ | ૦૮ |
| ૪ | ડો.બી.એસ.જાની | પ્રોફેસર | ગુજરાતી | ૧૯,૨૭–૩–૧૦ અને ૧,૫, ૬,૭,૮,૯–૪–૧૦ | ૦૮ |

**(નોંધ :–** ઓર્ડિનન્સ ૧૯૯ ની જોગવાઈ અનુસાર અનુસ્નાતક ભવનોનાં અધ્યાપકશ્રીઓને વાર્ષિક ૩૦ દિવસની મર્યાદામાં ડયુટીલીવ મળવાપાત્ર છે, જે મંજૂર કરવાની સતા માનનીય કુલપતિશ્રીને છે જો કોઈ અધ્યાપકશ્રી શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૩૦ દિવસો કરતાં વધારે દિવસોની ડયુટીલીવ ભોગવે તો તે બાબત સિન્ડિકેટ સમક્ષ મંજુરી અર્થે મુકવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતાં ઉપર દર્શાવેલ અધ્યાપકશ્રીઓએ તેમને મળવાપાત્ર ૩૦ દિવસોની ડયુટીલીવની મર્યાદા કરતા વધારાના દિવસોની ડયુટીલીવ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માં ભોગવેલ છે જે મંજૂર કરવી.**

**૭. મહેકમ–અ** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સરકારશ્રી ધ્વારા જુદા જુદા અનુસ્નાતક ભવનો માટે મંજૂર થયેલ પ્રોફેસર, રીડર, લેકચરરની જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ સામે રૂા. ૧૬,૫૦૦ /– નાં માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક આપવા બાબતે માનનિય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

**(નોંધ :–**

(૧) હાલમાં યુનિવર્સિટી ધ્વારા યુનિવર્સિટીમાં સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ જગ્યાઓ જયારે ખાલી પડે ત્યારેખાલી જગ્યા એડહોક ધોરણે રૂા. ૮,૦૦૦ /– માસિક ફિકસ વેતનથી ભરવા માટે સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેર ખબર આપી એડહોક ધોરણે એકટર્મ માટે નિમણૂંક આપવાની પ્રથા છે. નિમણૂંક લંબાવવા માટે બાબત સિન્ડીકેટ સમક્ષ મુકવામાં આવે છે.

(૨) રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૧૭–૦૬–'૦૯ નાં ઠરાવ ક્રમાંક જીસીઓ–૧૫૩૦–૨૨૨૯–ખ મુજબ રાજયની સરકારી કોલેજોમાં વ્યખ્યાતાઓને

વ્યાખ્યાતા સહાયક નામાભિધાન આપી રૂા.૧૬,૫૦૦ નાં માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક આપવામાં આવે છે. જે મુજબ સરકારશ્રીની નિતી મુજબ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પણ આ રીતે નિમણૂંક કરવાનાં માનનિય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવાની રહે છે.

(૩) નવી નીતી નીચે મુજબ નિયત કરવાની રહે.

(૧) એડહોક વ્યાખ્યાતા નું " વ્યાખ્યાતા સહાયક " નામાભિધાન રહેશે.

(૨) રૂા.૧૬,૫૦૦ /– માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂંક કરવાની રહેશે. જો ૧૧ માસ પૂર્ણ થાય તે પહેલા રેગ્યુલર ભરતી ધ્વારા ઉમેદવાર નિમણૂંક પામે તો આ ૧૧ માસ તે પ્રમાણે ટુંકાવવાનાં રહેશે. પસંદગી પામેલ ઉમેદવાર પાસેથી સ્ટેમ્પ પેપર પર નિમણૂંક મળ્યા બાદ કોઈપણ પ્રકારના હકક, દાવાઓ કરવામાં આવશે નહિ તેવું સોગંદનામું / બાંહેધરી પત્રક મેળવવાનું રહેશે.

(૩) રોસ્ટર પોઈન્ટનું પાલન કરવાનું રહેશે.

(૪) પસંદગી પ્રક્રિયામાં માર્કિંગ સ્કીમ રેગ્યુલર ભરતીની જેમ જ રાખવાની રહેશે.

(૫) સવારનાં ૦૧ દૈનિક વર્તમાનપત્રમાં માહિતી ખાતા મારફત જાહેરખબર આપવાની રહેશે.

(૬) વરણી સમિતી નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | કુલપતિશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | અન્ય યુનિવર્સિટીનાં એક વિષય નિષ્ણાંત | સભ્ય |
| ૩ | ભવનનાં વડા | સભ્ય |
| ૪ | ભવનનાં સિનિયર મોસ્ટ પ્રાધ્યાપક | સભ્ય |
| ૫ | કુલસચિવશ્રી | સભ્ય સચિવ |

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિમાં સંબંધિત ફેકલ્ટીના ડીનશ્રીનો સભ્ય તરીકે સમાવેશ કરવો.**

**૮.**
**જોડાણ**

શ્રી એ.એમ.પી.લો કોલેજ – રાજકોટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમના ચેપ્ટર II માં ક્રમ–૪ માં Powers Of The University ના સબ સેકશન નં. ૪ મુજબ હસ્તગત કરવા અંગે સબ સેકશન–૧૪ મુજબ ઈન્સ્પેકશન કમિટી નિમ્યા અંગેના માનનિય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત તથા કમિટીના આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એ.એમ.પી.લો કોલેજ, રાજકોટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમના ચેપ્ટર II માં ક્રમ–૪ માં Powers Of The University ના સબ સેકશન નં. ૪ મુજબ હસ્તગત કરવા અંગે સબ સેકશન–૧૪ મુજબ ઈન્સ્પેકશન કમિટી નિમ્યા અંગેના માનનિય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત કમિટિનો અહેવાલ રાજય સરકારશ્રીના માર્ગદર્શન અર્થે મોકલવો.**

**(નોંધ :– આ સાથે કમિટીનો અહેવાલ પરિશિષ્ટ – ૦૨ તરીકે સામેલ છે.)**

**૯.**
**યુજીસી**

યુજીસી ન્યુ દિલ્હીનો પત્ર ક્રમાંક : No.F.3-1/94 (ps) Pt. File Vo1-8 Dt.30-6-2010 ધ્વારા યુજીસી ન્યુ દિલ્હીએ પોતાનો પત્ર ક્રમાંક : D.O.No.F.3-1/97(ps) તા.૯–૩–૨૦૦૨ તાત્કાલીક અસરથી પરત ખેંચેલ છે. તેવુ જણાવેલ છે. અને આ બાબત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ધ્યાન પર મુકવા જણાવેલ છે.

યુજીસી ન્યુ દિલ્હીના ઉપરોકત ૯–૩–૨૦૦૨ ના પત્રમાં ૬૨ વર્ષ પુર્ણ કરી સેવા

નિવૃત થયેલ અધ્યાપકોને કોઈપણ જાતની સ્ટેચ્યુટરી કે નોન–સ્ટેચ્યુટરી જગ્યા પર નિમણુંક ન આપવા જણાવેલ હતું સદરહુ પત્ર યુજીસી ન્યુ દિલ્હી ધ્વારા હાલમાં પરત ખેંચાતા આ બાબત રદ થાય છે. આમ યુજીસીના પત્ર અનુસાર ૬૨ વર્ષ પુર્ણ કરી સેવા નિવૃત થયેલ અધ્યાપકને સ્ટેચ્યુટરી કે નોન–સ્ટેચ્યુટરી જગ્યા પર નિમણુંક આપી શકાય. આ ઉપરાંત યુજીસી ધ્વારા સેવા નિવૃત થયેલ અધ્યાપકોને અમુક શરતોને આધિન ફરી થી સેવા પર લેવા માટે પણ ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલ છે. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટ–૧૯૬૫ ની કલમ ૮–એ(૧) અન્વયે ૬૨ વર્ષ પુર્ણ કરનાર વ્યકિતને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે યુનિવર્સિટી ઓથોરીટીમાં અથવા કોઈપણ જાતની કમિટિમાં નિમણુંક આપી શકાતી નથી.

ઉપરોકત બાબત ધ્યાને લઈ યુજીસીના પત્ર અને ગાઈડલાઈનની અમલવારી અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના ઉપર્યુકત પત્રની નોંધ લેવી તથા યુ.જી.સી. અને રાજય સરકારશ્રીના નિયમો અને યુનિવર્સિટી એકટની જોગવાઈ મુજબ અમલવારી કરવી. (નોંધઃ– યુ.જી.સી.નો ઉપરોકત પત્ર આ સાથે પરિશિષ્ટ ' उ' તરીકે સામે લ છે.)**

**૧૦.**
**મહેકમ–અ**

યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલ સાયન્સ, બિઝનેશ મેનેજમેન્ટ અને શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ફરજ બજાવતાં અધ્યાપકોને છઠ્ઠાપગાર પંચ મુજબનાં પગાર ધોરણ આપવા નિર્ણય થવા બાબત.

(**નોધઃ–** યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવન, બિઝનેશ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવન તથા શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનના વડાઓની માનનીય કુલપતિશ્રી સાથેની બેઠકમાં ચર્ચા થયા મુજબ ભવનની કુલ આવકની ૭૦% ની મર્યાદામાં પગાર ખર્ચની આર્થિક સક્ષમતા જળવાઈ રહે ત્યાં સુધી છઠ્ઠા પગાર પંચ મુજબનાં પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નિર્ણય કરવાનો થાય છે. )

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ફાર્માસ્યુટીકલ સાયન્સ, બિઝનેશ મેનેજમેન્ટ અને શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનોમાં ભવનની કુલ આવકની ૭૦% ની મર્યાદામાં પગાર ખર્ચની આર્થિક સક્ષમતા જળવાઈ રહે ત્યાં સુધી પાંચમાં પગાર પંચનો લાભ આપેલ હોય તેવા અધ્યાપકોને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ધોરણ તા.૧–૧૧–૨૦૧૦ થી નીચે મુજબની શરતે આપવા.**

**(૧) સેલ્ફ ફાયનાન્સ ભવનના/સ્પેશ્યલાઈઝેશનના કુલ આવકનાઉ૫% થી વધુ નહી તે રીતે મહેકમ ખર્ચ કરવાનો રહેશે.**

**(૨) પગાર ધોરણમાં કોઈ એરિયર્સ કે તફાવતની રકમ ચૂકવવાની રહેશે નહીં.**

**(૩) પ્રતિ વર્ષ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સબંધિત ભવનના અધ્યક્ષ, મુખ્ય હિસાબી અધિકારી તથા નાયબ કુલસચિવ (મહેકમ) ની સમિતિ જે તે ભવનના વિષય/સ્પેશ્યલાઈઝેશનની આર્થિક સક્ષમતાની ચકાસણી કરશે અને તેના અહેવાલને આધીન પગારધોરણના અમલ અંગે વિચારણા કરવાની રહેશે.**

**(૪) આપેલ પગાર ધોરણમાં યુનિવર્સિટીને ફેરફાર કરવાનો અબાધિત અધિકાર રહેશે.**

**(૫) જે વિષય / સ્પેશ્યલાઈઝેશનની આર્થિક સક્ષમતા હશે ત્યાં સુધી જ કર્મચારીઓની સેવા લેવામાં આવશે.**

**(૬) દરેક કર્મચારી પાસેથી નિયત નમૂનામાં બાંહેધરી લઈ ત્યાર પછી જ આ પગાર ધોરણનો અમલ કરવાનો રહેશે.**

**૧૧.**
**મહેકમ–અ**

ડો. એચ. વી. રાવ, પ્રોફેસર અને હેડ, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનની હેમચંન્દ્રાચાર્ય, ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે કુલપતિ પદે નિમણૂંક થતાં તેઓશ્રીને તા.૧૫–૦૯–'૧૦ ના રોજ કાર્યાલય સમય બાદ પ્રોફેસર અને અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનના હોદા પરથી ૩ વર્ષ ના લીયેન સહ ફરજ મુકત કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.

(**નોધઃ–** સેક્રેટરી ટુ ધી ગર્વનર ઓફ ગુજરાતનાં જાહેરનામાં ક્રમાંક જી.એસ.૧૧.૦૩/૨૫/૫૫૬૬/૨૦૧૦ તા.૧૩–૦૯–'૧૦ મુજબ ડો. એચ. વી. રાવ, પ્રોફેસર અને હેડ, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનની હેમચંન્દ્રાચાર્ય, ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે કુલપતિ પદે ત્રણ વર્ષ માટે નિમણૂંક થતાં ડો. રાવએ તેમનાં તા.૧૫–૦૯–'૧૦ નાં પત્રથી તા.૧૫–૦૯–'૧૦ નાં રોજ કાર્યાલય સમય બાદ થી પ્રોફેસર અને અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવનના હોદા પરથી ફરજ મુકત કરવા તેમજ તા.૧૬–૦૯–'૧૦ થી તા.૧૫–૦૯–'૧૩ સુધી નું ૩ વર્ષ માટેનું તેમની પ્રોફેસર ની મૂળ જગ્યા પરનું લીયેન મંજૂર રાખવા વિનંતી કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૧૨.**
**પરીક્ષા–૫**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮(૧) (VII) ની જોગવાઈ સંદર્ભે જે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને જેઓ પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ–૧૫૮ માં દર્શાવેલ પદવી/ડિપ્લોમા હાજર/ગેરહાજરમાં એનાયત કરવા માટે આગામી ૪૫ માં વાર્ષિક પદવીદાન સમારંભની તારીખ, સ્થળ અને સમય નકકી કરવા બાબત અંગે તા.૧૫–૭–૨૦૧૦ ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧૦ થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) મુજબ તા. ૨૮–૧૧–૨૦૧૦ના રોજ મળનાર સેનેટની ખાસ સભામાં યોજાનાર પદવીદાન સમારંભમાં જે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભર્યા હોય અને પદવી / ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીને સ્ટેચ્યુટ–૧૫૮માં દર્શાવેલ જે તે પદવી / ડિપ્લોમા એનાયત કરવા સેનેટને ભલામણ કરવી તથા વૈકલ્પિક તારીખો ૪–૧૨–૨૦૧૦, ૫–૧૨–૨૦૧૦ તથા ૧૨–૧૨–૨૦૧૦ સૂચવવી તથા મહામહિમશ્રીને માર્ચ માસના પદવીદાન માટેની તારીખોની અનુકૂળતા હોય તો તે પ્રમાણે તારીખો નિયત કરી સૂચવવી."

ઉપરોકત બાબતે સામેલ પરીક્ષા–૫ વિભાગની તા.૧–૯–૨૦૧૦ ની નોંધ પર મળેલ આદેશ અનુસાર સીબીસીએસ અમલીકરણ – પરીક્ષા સંચાલન, વ્યવસ્થા વગેરે ધ્યાન લેતાં માર્ચ માસના પદવીદાન માટેની તારીખો અર્થે વિચારણા કરવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે સીબીસીએસ અમલીકરણ – પરીક્ષા સંચાલન વ્યવસ્થા વગેરે ધ્યાને લેતાં માર્ચ માસનો ૪૫મો પદવીદાન સમારંભ રવીવાર, તા.૨૭–૩–૨૦૧૧ ના રોજ રાખવો.**

**૧૩.**
**મહેકમ–બ**

યુનિવર્સિટીના જોડાણ વિભાગના આસીસ્ટન્ટ કમ કલાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર શ્રી ધર્મેશ લલીતભાઈ રાણાનું તા.૧૩/૦૯/૨૦૧૦ના કાર્યાલય સમય બાદથી રાજીનામું મંજૂર કર્યાના માન.કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

**(નોંધ :–**

**(૧)** શ્રી ધર્મેશ લલીતભાઈ રાણાને અત્રેના તા.૦૫/૦૯/૨૦૦૬ના નં.મહેકમ/૨/૧૩૨૧/'૦૬ના નિમણૂંકપત્રથી સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:સરય–૧૩૦૫–૩૦૭–ખ,તા.૨૦/૧૦/૨૦૦૫ના ઠરાવની જોગવાઈ મુજબ તથા સરકારશ્રીના તા.૦૫/૦૯/૨૦૦૦ના ઠરાવની જોગવાઈ મુજબ અનુસુચિત જનજાતિની

અનામત જગ્યા પર આસીસ્ટન્ટ કમ કલાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે એડહોક ધોરણે પાંચ વર્ષ માટે બોલીઓ અને શરતોને આધીન કરારના ધોરણે નિમણૂંક આપવામાં આવેલ હતી. શ્રી રાણા તા.૦૬/૦૯/૨૦૦૬ થી આસીસ્ટન્ટ કમ કલાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે જોડાયા છે.

(૨) PGVCL રાજકોટના પત્ર નં. PGVCL/RECRUIT/APT/DY.SA/ST/૯૭૮૭/૩, તા.૦૮/૦૯/૨૦૧૦ના પત્રથી શ્રી રાણાને ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ એકાઉન્ટસની જગ્યા પર નિમણૂંક મળેલ છે.

(૩) શ્રી રાણાએ તા.૧૩/૦૯/૨૦૧૦ની અરજીથી તા.૧૩/૦૯/૨૦૧૦ના રોજ કાર્યાલય સમયબાદથી એક માસનો ફીકસ પગારની રકમનો નોટીસ પગારમાંથી મુકિત આપી રાજીનામું મંજૂર કરી ફરજ મુકત કરવા વિનંતી કરેલ હતી.

(૪) કરારની શરત નં.૨ મુજબ એક માસની નોટીસ અથવા એક માસનો ફીકસ પગારની રકમનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાય છે પરંતુ કર્મચારી ગુજરાત સરકારશ્રીના અન્ય એકમમાં પ્રોપર ચેનલ જતાં હોય નોટીસ પે વેવ કરવાનો રહે.

(૫) અત્રેની તા.૧૩/૦૯/૨૦૧૦ની નોંધમાં માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ રાજીનામું મંજૂર કરેલ છે.

(૬) શ્રી રાણાને અત્રેના તા.૧૩/૦૯/૨૦૧૦ના નં.મહેકમ/બ/૨/૧૨૨૦/'૧૦ના હુકમથી રાજીનામું મંજૂર કરવામાં આવેલ છે અને યુનિવર્સિટી ફરજો અને સેવામાંથી મુકત કરવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યની નોંધ લેવી.**

**૧૪.** **સામાન્ય** સને.૨૦૦૯–૧૦ (તા.૧–૦૪–૦૯ થી તા.૩૧–૩–૧૦) ના વર્ષનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૪૩ મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબના સભ્યશ્રીઓની નિમણૂંક કર્યાના મા.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(૧) ડો.વિજયભાઈ પટેલ
(૨) ડો.ભરતભાઈ રામાનુજ
(૩) ડો.નિતીન વડગામા
(૪) ડો.મહેશભાઈ જીવાણી
(૫) ડો.પ્રતાપસિંહ ચૌહાણ
(૬) ડો.વૃંદા ઠાકર

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૧૫.** **સીડીસી** યુજીસી, પુણે તરફથી આવેલ તા.૫–૧૨–૨૦૦૮ નો પત્ર નં.એફ.૧–૭/૨૦૦૮ (WRO) સાથે યુજીસી, ન્યુ દિલ્હીનાં એડીશનલ સેક્રેટરીનાં તા.૨૫–૧૧–૨૦૦૮નો પત્ર નં.એફ. ૧૭–૧/૨૦૦૮(AC) તા.૩–૧૧–૨૦૦૮ માં જણાવ્યા મુજબ જે કોલેજો Aided, Unaided, party-aided self Financing કે જે 2 (f) 12 (b) હેઠળ માન્યતા ધરાવતી હોય તેને ઓટોનોમી આપીને ઓટોનોમસ કોલેજનો દરજ્જો આપવા માટે યુજીસીની ગાઈડલાઈન અનુસાર દરખાસ્તો મંગાવવામાં આવેલ છે. કોલેજોને ઓટોનોમી આપી ઓટોનોમસ કોલેજનો દરજ્જો આપવાની બાબત નીતિવિષયક હોય આ અંગે નીતિ નકકી કરવા વિચારણા કરવા બાબત.

**(નોંધ :–** ૧૨–૧–૨૦૦૯ ઠરાવ ક્રમાંક : ૩૧ થી ઉકત આઈટેમની વિચારણા મુલત્વી રાખેલ હતી.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ની ગાઈડલાઈન્સ મુજબ Aided, Unaided, party-aided self Financing કે જે 2 (f) 12 (b) હેઠળ માન્યતા ધરાવતી હોય તેવી કોલેજોને યુ.જી.સી.ની ગાઈડલાઈન્સ અનુસાર ઓટોનોમસ કોલેજનો દરજ્જો આપવા માટે યુ.જી.સી.ની સદરહુ ગાઈડલાઈન્સનો સ્વીકાર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત ગાઈડલાઈન્સ મુજબનું સ્ટેટસ ધરાવતી કોલેજોને ગાઈડલાઈન્સ અને એકટની જોગવાઈની વિગતો પરિપત્રિત કરવી પરંતુ યુ.જી.સી.ગાઈડલાઈન્સ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટની જોગવાઈ મુજબની વિધિવત પ્રક્રિયા માટે કોલેજોએ મોકલવાની થતી દરખાસ્તનું ચોકકસ ફોરમેટ નિયત કરવું અને એ જ ફોરમેટમાં તમામ પાસાઓનો યોગ્ય રીતે સમાવેશ થઈ જાય તે માટે ફોરમેટ નિયત કરવા અને સર્વગ્રાહી પ્રક્રિયા નિયત કરવા નીચે મુજબના ત્રણ સભ્યોની કમિટિ રચવી.**

**(૧) ડો.પી.એલ.ચૌહાણ (૨) ડો.બી.બી.રામાનુજ**

**(૩) ડો.યજ્ઞેશભાઈ એમ.જોષી**

**૧૬.**
**જોડાણ**

યુ.જી.સી. ન્યુ દિલ્હીના પત્રાંક : નં. એફ–૧–૭/૨૦૦૭ (સી.પી.પી–I) ૬૮ તા.૩૦–૪–૨૦૧૦ થી મોકલવામાં આવેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેન્યુલેશન–૨૦૦૯ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના ઉપરોકત પત્ર તેમજ પત્ર સાથે રજૂ થયેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેગ્યુલેશન–૨૦૦૯ કે જે ગેઝેટ ઓફ ઈન્ડિયા ફેબ્રુઆરી–૨૦, ૨૦૧૦ થી પ્રસિઘ્ઘ થયેલ છે તે સંપૂર્ણ પણે સ્વીકારવા તથા તેનો અમલ કરવો.**

**(નોંધ :– યુ.જી.સી. ન્યુ દિલ્હી તરફથી આવેલ ઉપરોકત પત્ર અને યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ પરિશિષ્ટ – ૦૪ તરીકે સામેલ છે.**

**૧૭.**
**હિસાબ**

ફાઈનાન્સ સમિતિની તા.૨૭–૮–૨૦૧૦ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૭–૮–૨૦૧૦ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવી.**

**(નોંધ :– તા.૨૭–૮–૨૦૧૦ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની કાર્યવાહી નોંધ પરિશિષ્ટ – ૦૫ તરીકે સામેલ છે.)**

**૧૮.**
**મહેકમ–બ**

યુનિવર્સિટીમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે નીચેની વિગતે મળેલ વરણી સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **વરણી સમિતિની સભાની તારીખ** |
|---|---|---|
| ૧. | ટેકનીશ્યન (બાયોસાયન્સ) | ૧૬–૭–૧૦ |
| ૨. | લેબોરેટરી ટેકનીશ્યન – ફીઝીકસ<br>–ઈલેકટ્રોનીકસ<br>–હેલ્થ સેન્ટર | ૧૬–૭–૧૦ |
| ૩. | એકેડેમિક ઓફિસર | ૨૯–૭–૧૦ |
| ૪. | પ્રકાશન અધિકારી | ૨૯–૭–૧૦ |
| ૫. | મેડીકલ ઓફિસર | ૨૯–૭–૧૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત વરણી સમિતિની ભલામણો નીચે મુજબની વિગતે સ્વીકારવી.**

**(૧) ટેકનીશ્યન (બાયોસાયન્સ)**

**શ્રી દવે લોપામુદ્રા નરેન્દ્રભાઈને ટેકનીશ્યન (બાયોસાયન્સ) ની જગ્યા પર રૂા.૪૫૦૦/– પ્રતિ માસ ફીકસ વેતનથી, હાજર થાય તે તારીખથી સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : સરય–૧૩૦૫–૩૦૭૨–ખ, તા.૨૦–૧૦–૨૦૦૫ ના ઠરાવમાં દર્શાવેલ વિગત મુજબની મુદત માટે નિમણુંક આપવી.**

**(૨) લેબોરેટરી ટેકનીશ્યન ફીઝીકસ**

**આથી ઠરાવવામાં આવે છે કે લેબોરેટરી ટેકનીશ્યન (ફીઝીકસ) જગ્યા માટે એક પણ ઉમેદવાર રૂબરૂ મુલાકાત માટે હાજર ન રહેતાં ફરીથી જાહેરખબર આપવી.**

**(૩) લેબોરેટરી ટેકનીશ્યન – ઈલેકટ્રોનીકસ**

**આથી ઠરાવવામાં આવે છે કે લેબોરેટરી ટેકનીશ્યન (ઈલેકટ્રોનીકસ) જગ્યા માટે એક પણ ઉમેદવાર રૂબરૂ મુલાકાત માટે હાજર ન રહેતાં ફરીથી જાહેરખબર આપવી.**

**(૪) લેબોરેટરી ટેકનીશ્યન – હેલ્થ સેન્ટર**

**શ્રી ત્રિવેદી જગદીશ લાભશંકરને લેબોરેટરી ટેકનીશ્યન (હેલ્થ સેન્ટર) ની જગ્યા પર રૂા.૩૫૦૦/– પ્રતિ માસ ફીકસ વેતનથી, હાજર થાય તે તારીખથી સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : સરય–૧૩૦૫–૩૦૭૨–ખ, તા.૨૦–૧૦–૨૦૦૫ ના ઠરાવમાં દર્શાવેલ વિગત મુજબની મુદત માટે નિમણુંક આપવી.**

**(૫) એકેડેમિક ઓફિસર**

**આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક ઓફિસરની જગ્યા માટે એક પણ ઉમેદવાર નિમણૂંક માટે યોગ્ય ન જણાતા, ફરીથી જાહેરખબર આપવી.**

**(૬) પ્રકાશન અધિકારી**

**શ્રી પંડયા જનકરાય રતિલાલને પ્રકાશન અધિકારી ની જગ્યા પર પે બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે રૂા.૫૪૦૦/–થી શરૂઆતના માસિક મૂળ પગાર રૂા.૯૩૦૦+ ગ્રેડ પે રૂા.૫૪૦૦/– થી હાજર થાય તે તારીખથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવી.**

**(૭) મેડીકલ ઓફિસર**

**આથી ઠરાવવામાં આવે છે કે મેડીકલ ઓફિસરની જગ્યા માટે એક પણ ઉમેદવાર નિમણૂંક માટે યોગ્ય ન જણાતા, ફરીથી જાહેરખબર આપવી.**

**(નોંધ :– વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

**૧૯.**
**મહેકમ–બ**

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ વલભ – ૧૦૨૦૧૦ – જીઓઆઈ – ૧૦ –ચ, તા.૨૩–૯–૨૦૧૦ના ઠરાવથી સરકારશ્રીના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનાં પ્રવર્તમાન દરમાં તા.૦૧–૦૭–૨૦૧૦ થી વધારો કરેલ છે તે સરકારશ્રીના ઠરાવ મુજબ અમલ કર્યાની જાણ થવા બાબત.

**(નોંધ :–**

**૧.** સિન્ડિકેટની તા.૨૪–૩–૭૮ની સભામાં (ઠરાવ નં.૧ પેટા–૧૭)નીચે મુજબ છે.
"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી દરમાં વધારો કરવા ઠરાવ યુનિવર્સિટીમાં આવે કે તુરત જ તેનો અમલ કરવો અને સિન્ડિકેટની જાણ માટે મુકવું"

**૨.** સદરહુ ઠરાવમાં તા.૦૧/૦૭/૨૦૧૦થી મૂળ પગારના ૪૫ %)

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ વલભ – ૧૦૨૦૧૦ – જીઓઆઈ – ૧૦ –ચ, તા.૨૩–૯–૨૦૧૦ના ઠરાવથી સરકારશ્રીના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો–૨૦૦૯ અનુસારના પગાર ધોરણો લાગુ પાડવામાં આવેલ છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનાં પ્રવર્તમાન દરમાં તા.૦૧–૦૭–૨૦૧૦ થી વધારો કરેલ છે તે સરકારશ્રીના ઠરાવ મુજબ અમલ કર્યાની નોંધ લેવી.**

**૨૦.**
**પરીક્ષા સેલ**

ગિતાંજલી ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ તરફથી " પરમ પૂજય સ્વામીશ્રી પુનિતાચારિજી મહારાજ ગોલ્ડ મેડલ " એમ.એસસી., આઈ.ટી. એન્ડ સી.એ.(રેગ્યુલર) અભ્યાસક્રમમાં ફાઈનલ સેમેસ્ટરમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ આપવા બાબત વિચારણા કરવા બાબત.

૧. ગોલ્ડ મેડલ સને ૨૦૧૦થી દશ વર્ષ  સુધી આપવા જણાવેલ છે.
૨. વર્તમાન બજાર ભાવ મુજબ ૧૦ ગ્રામ ગોલ્ડ મેડલ દશ વર્ષ સુધી આપવા માટે અત્યારે રૂપિયા બે લાખ સુધીનું દાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

**કામકાજ ક્રમાંક : ૩ અને ૨૦ ની સંયુકત વિચારણા કરવામાં આવી.**

**૨૧**
**જોડાણ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં નવી કોલેજના જોડાણ અને સંલગ્ન કોલેજોમાં નવી વિદ્યાશાખાના અભ્યાસક્રમો / નવા વિષયના જોડાણ અન્વયે "નીડ" સંબંધે સર્વગ્રાહી બાબતોને આવરી લેતી સમિતિ અર્થે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ ક્રમાંક – ૧૬ માં જણાવેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેગ્યુલેશન – ૨૦૦૯ નો સ્વીકાર થયેલ હોય તે પ્રમાણે કાર્યવાહી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં નવી કોલેજોને જોડાણ, સંલગ્ન કોલેજોમાં નવી વિદ્યાશાખાના અભ્યાસક્રમો / નવા વિષયના જોડાણો સંદર્ભે અરજી આવ્યેથી પ્રથમ " નીડ કમિટિ " ની રચના કરી નીડ કમિટિના રીપોર્ટ પર સ્થાનીક તપાસ સમિતિ નિયુકત કરી નિયમ અનુસારની કાર્યવાહી હાથ ધરવી.**
**(નોંધઃ– ડીનશ્રી વાણિજય વિદ્યાશાખાના તા.૨૨–૭–૧૦નાં પત્ર અન્વયે અત્રેના વિભાગની તા.૩૦–૭–૧૦ની નોંધ પરિશિષ્ટ "  ૬  " તરીકે સામેલ છે.)**

**૨૨. સિન્ડિકેટ**

આગામી નવેમ્બર, ૨૮,૨૦૧૦ માં મળનાર સેનેટ (ખાસ) સભામાં સભ્યશ્રીઓ તરફથી પૂછવામાં આવેલ પ્રશ્નો / પ્રસ્તાવો ચકાસવા માટેની સભ્યશ્રીઓની નિયુકિત તેમજ સ્ટેચ્યૂટ રજૂ કરવાની નિયુકિત કરવા બાબત.

**નોંધઃ**–માર્ચ–૨૦૧૦માં નીચેના સભ્યશ્રીઓ હતા.
(૧) ડો. ભરતભાઈ રામાનુજ
(૨) શ્રી મહેશભાઈ બી. ચૌહાણ
(૩) ડો. પી.એલ. ચૌહાણ
સ્ટેચ્યૂટ– ડો. ગિરીશભાઈ ભીમાણી

**આથી ઠરાવવામાં આવે છે કે આગામી નવેમ્બર, ૨૮, ૨૦૧૦ માં મળનાર સેનેટ (ખાસ) સભામાં સભ્યશ્રીઓ તરફથી પૂછવામાં આવેલ પ્રશ્નો / પ્રસ્તાવો ચકાસવા માટેની સભ્યશ્રીઓની નિયુકિત તેમજ સ્ટેચ્યૂટ રજૂ કરવાની નિયુકિત માટે નીચે મુજબના સભ્યશ્રીઓની નિમણૂંક કરવી.**

**સેનેટ સભ્યશ્રીઓ તરફથી આવેલ પ્રશ્નો તથા પ્રસ્તાવો જોઈ જવા માટેની સમિતિ પર નીચેના સભ્યોની નિયુકિત કરવી.**
**(૧) ડો.ભરતભાઈ રામાનુજ**
**(૨) શ્રી મહેશભાઈ બી.ચૌહાણ**
**(૩) ડો.પી.એલ.ચૌહાણ**
**સ્ટેચ્યુટ (જે કાંઈ હોય તે) : ડો. ગિરીશભાઈ ભીમાણી**

**૨૩.**
**પરીક્ષા–૨**

પરીક્ષા સંચાલન – આયોજન સંબંધે વિચારણા કરવા સિન્ડિકેટ નિયુકત કમીટીની તા.૧૫–૦૬–૧૦ની સભાની કાર્ય નોંધ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કર્યાના માનનિય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૨૪.**
**હિસાબ**

RBI બોન્ડ વ્યાજ સહિત રિન્યુ કરવાનાં મા. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**(નોંધઃ–** યુનિવર્સિટી ઘ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૪–૦૫માં કુલ ૧૧ કરોડનાં રિઝર્વ બેન્કના ૮%ના બોન્ડ લેવામાં આવેલ હતા. જેની ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૦–૧૧ (એપ્રિલ–મે–૨૦૧૦)માં મુદત પૂર્ણ થતી હતી. ઉપરોકત બોન્ડની મુદત પૂર્ણ થતાં માનનીય કુલપતિશ્રીએ તે વ્યાજ સહિતની રકમ સાથે રૂા.૧૭.૦૧ કરોડ(સતર કરોડ એક લાખ) સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ છ વર્ષ માટે ૮%ના વ્યાજનાં દરથી રીન્યુ કરાવેલ છે)

માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૨૫.**
**પી.જી.**

R.D.C.સંદર્ભે .O.Ph.D.2(2.6) માં માન. કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નીચે દર્શાવ્યા મુજબનો સુધારો કરેલ છે. માન. કુલપતિશ્રીના સદર કાર્યને બહાલી આપવા બાબત.

**O.Ph.D. 2 (2.6) નીચે મુજબ રહેશે.**

O.Ph.D. 2 (2.6) ::-

Research Development Council (RDC) shall Comprise of the following members ::-

**(a)** The Pro-Vice-Chancellor - Chairman.
**(b)** Dean of the Concerned faculty.
**(c)** The Head of the University Department in the subject. (In case, there is no Department, the Chairman of the concerned Board of study) - Co-ordinator.
**(d)** Chairman of the Board of Study of the Concerned subject.
**(e)** Two subject experts : (An eminent scholar with established research credentials, atleast of the rank of the University Professor (other than Saurashtra University) with five years experience as the professor to be nominated by the Vice-Chancellor for a term of three years.
**(f)** All research supervisors / guides of the concerned subject.
The quorum would be atleast three members of which the presence of atleast one of the external expert will be compulsory.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૨૬.**
**જોડાણ**

માતૃશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ આટકોટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તરફથી શ્રી કે.વી. રામાણી સાર્વજનિક મહિલા આર્ટસ/કોમર્સ કોલેજ, આટકોટ (S.N.D.T વીમેન્સ યુનિવર્સિટી મુંબઈ સંલગ્ન) નું જોડાણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે વર્ષ ૨૦૧૧–૧૨ થી ક્રમશ : લેવા બાબતે પત્ર આવેલ છે તો તે પર વિચારણા કરવા બાબત.

**નોંધ ::–**

(૧) ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ આટકોટના પત્રાંક : mts ડી.બી.પટેલ/૨૦૧૦–૨૦૧૧/૦૯ તા.૧૨–૮–૨૦૧૦ ના પત્ર સાથેના બીડાણ સાથે પરિશિષ્ટ –૦૭ તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ ક્રમાંક : ૧૬માં જણાવેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેગ્યુલેશન ૨૦૦૯ મુજબની વિગતે ઉપર્યુકત કોલેજને વાકેફ કરવી.**

**૨૭.**
**મહેકમ–બ**

યુનિવર્સિટીમાં જુદા–જુદા ભવનો/ વિભાગોમાં જુદી–જુદી જગ્યા પર ફરજ બજાવતાં કુલ ૧૭ એડહોક કર્મચારીઓ ધ્વારા તેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા બાબતે તેઓની પુનઃ વિચારણા કરવા તા.૧૪/૦૯/૨૦૧૦ના સંયુકત પત્રથી કરેલ રજૂઆત પરત્વે વિચારણા કરવા બાબત.

**(નોંધ :–**

(૧) તત્કાલિન સમયે યુનિવર્સિટીની જાણમાં આવ્યા મુજબ સરકારશ્રી ધ્વારા ખાલી જગ્યાઓ રદ કરવામાં આવનાર હતી આથી એડહોક કર્મચારીઓ જે જગ્યાઓ પર ફરજ બજાવે છે તેવી જગ્યાઓની વિગત અલગ દર્શાવવામાં આવે તો તેઓની જગ્યા રદ કરવાપાત્ર થાત અને તે શકયતાને ધ્યાને લઈ રેગ્યુલર તેમજ એડહોક ધોરણે ફરજ બજાવતાં કર્મચારીઓ જે જગ્યાઓ પર ફરજ બજાવે છે તેવી તમામ જગ્યાઓનો દરખાસ્તમાં સમાવેશ કરવામાં આવેલ હતો.

(૨) સરકારશ્રીએ તા.૧૩/૧૦/૨૦૦૯ના ઠરાવમાં જેઓને પાંચમા પગારપંચનો લાભ આપવામાં આવેલ હોય તેવા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા ઠરાવેલ છે. પરંતુ સરકારશ્રીના ઠરાવમાં તેઓએ નાણાં વિભાગના જે ઠરાવો વંચાણમાં લીધેલ છે. તેમાં છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણ માટે IFMS ધ્વારા એપ્રુવ્ડ કરાવવાના થાય છે. અને તેમાં પાંચમાં પગાધોરણ લોકલ ફંડ ધ્વારા માન્ય કર્યાની નોંધ સેવાપોથીમાં જે પાને કરેલ હોય તે પાના પણ અપલોડ કરવાના થાય છે.

(૩) એડહોક કર્મચારીઓને પાંચમાં પગારપંચ મુજબના પગાર ધોરણ આપવામાં આવેલ છે, તે લોકલ ફંડ ધ્વારા માન્ય થયેલ નથી અને તેઓની એડહોક નિમણૂક ધ્યાને લેતાં માન્ય થવાની શકયતા ઓછી છે જેથી IFMS ધ્વારા છઠ્ઠા પગારપચંના પગારધોરણો માન્ય ન રહે તો અમાન્ય ખર્ચના પેરાઓની પૂર્તતા થઈ શકે તેમ નથી.

(૪) સરકારશ્રી ધ્વારા અનુદાન પ્રશ્ને જે માહિતી માંગવામાં આવેલ તેમાં પાંચમાં અને છઠ્ઠા પગારપંચ દરમ્યાનની જગ્યાઓની વિગતો અલગ અલગ દર્શાવવામાં આવેલ છે. જેમાં એડહોક કર્મચારીઓની જગ્યાઓનો પણ સમાવેશ થયેલ છે.

(૫) સરકારશ્રી ધ્વારા જે જગ્યાઓ મંજૂર કરવામાં આવે છે તેમાં કર્મચારીના નામ સહિત જગ્યાઓ મંજૂર કરાતી નથી, પરંતુ છઠ્ઠા પગારપંચને પાત્ર જગ્યાઓના પગારધોરણો જ મંજૂર કરવામાં આવે છે.

(૬) જગ્યા પર કર્મચારીની નિમણૂંક લોકલ ફંડ ધ્વારા ત્યારે જ માન્ય ગણાય છે જયારે કર્મચારીની નિમણૂંક ભરતીની માન્ય પધ્ધતિ ધ્વારા થયેલ હોય.

(૭) સરકાશ્રીના ઠરાવના અમલની બાબત સિન્ડીકેટ તા.૦૯/૧૧/૨૦૦૯ ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨ થી મંજૂર થયેલ છે, જેમાં જે કર્મચારીઓની નિમણૂંક સિન્ડીકેટ ધ્વારા થયેલ હોય તેને જ છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે, તે મુજબ જે કર્મચારીઓ સિન્ડિકેટ ધ્વારા નિમણૂંક પામેલ નથી તેવા કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં આવેલ નથી.

(૮) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકટ–૧૯૬૫ની કલમ ૨૦ અન્વયે જે કર્મચારીઓની નિમણૂંક સિન્ડિકેટ ધ્વારા થયેલ નથી તેવા કર્મચારીઓ અંગે રાજય સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવું અને જયાં સુધી રાજય સરકારશ્રીની માર્ગદર્શન ન મળે ત્યાં સુધી સરકારશ્રીના તા.૧૩/૧૦/'૦૯ના ઠરાવમાં દર્શાવેલ સુધારેલ પગારધોરણનો લાભ આપવો નહી, તેવો ઠરાવ થયેલ છે.

(૯) નામદાર હોઈકોર્ટના તા.૨૪/૦૭/'૯૨ના ચુકાદા મુજબ માન્ય પધ્ધતિ ધ્વારા નિમણૂંક પામેલ ન હોય તેવા કર્મચારીઓને છુટા કરવાના થાય છે તેમજ ભવિષ્યમાં આ પ્રકારની નિમણૂંક ન કરવા આદેશ થયેલ છે.

(૧૦) એડહોક કર્મચારીઓની નિમણૂંક પરત્વે લોકલ ફંડ ધ્વારા પેરાઓ ઉપસ્થિત થયેલ છે તથા ખર્ચ અમાન્ય થયેલ છે.

(૧૧) હાલમાં પાંચમાં પગારપંચનો લાભ મેળવતા એડહોકને લાભ આપવાનો થાય.

ઉપર્યુકત વિગતો ધ્યાને લઈ સંબંધિત કર્મચારીઓની સંયુકત અરજી પરત્વે પુનઃ વિચારણા કરવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં જુદા–જુદા ભવનો/ વિભાગોમાં જુદી–જુદી જગ્યા પર ફરજ બજાવતાં એડહોક કર્મચારીઓ કે જેમને પાંચમા પગાર પંચનો લાભ આપવામાં આવેલો છે તેવા તથા <u>મહેકમ વિભાગ તરફથી રજુ કરવામાં આવેલ યાદી</u> મુજબના કર્મચારીઓ કે જે પાંચમા પગાર પંચનો લાભ મેળવે છે તેવા કર્મચારીઓને નિયમાનુસારની પ્રક્રિયાને આધીન જરૂરી બાંહેધરી મેળવી છઠ્ઠા પગાર પંચનો લાભ આપવો તથા તે સંદર્ભે વિષયવસ્તુ રાજય સરકારશ્રીને જાણ અર્થે મોકલવી.**

**૨૮.**
**મહેકમ–બ**

સરકારશ્રીના નાણાં વિભાગ ધ્વારા તેમના તા.૧૪/૧૦/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૯/૫૩/પે સેલ (મ) થી ROP-98 મુજબના જુના પગાર ધોરણમાં રૂા.૫૫૦૦–૯૦૦૦ના પગારધોરણ અને રૂા.૬૫૦૦–૧૦૫૦૦ના પગાર ધોરણમાં તા.૦૧/૦૧/'૦૬થી છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦માં ગ્રેડ પે સમાન રૂા.૪૨૦૦/– રાખવામાં આવેલ તે સુધારીને અનુક્રમે રૂા.૪૪૦૦/– (રૂા.૫૫૦૦–૯૦૦૦માં) અને રૂા.૪૬૦૦/– (રૂા.૬૫૦૦–૧૦૫૦૦) કરેલ છે તે મુજબ યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓ પૈકી સદરહુ લાભ મેળવતાં કર્મચારીઓ માટે પણ ગ્રેડ પે સુધારાનો લાભ આપવા મંજૂરી આપ્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**(નોંધ :–**

(૧) આ ગ્રેડ પેનો સુધારો તા.૦૧/૦૧/'૦૬થી અમલી બને છે.

(૨) સુધારેલ ગ્રેડ પે પરત્વે તા.૦૧/૦૧/'૦૬થી ૩૧/૦૩/૨૦૧૦ સુધી નોશનલ ફીકશેશન કરવાનું રહેશે અને તેથી એરીયર્સ ચૂકવવાનું રહેતુ નથી.

(૩) તા.૦૧/૦૪/૨૦૧૦ થી આ ગ્રેડ પે તફાવતને કારણે ચૂકવવાની થતી રકમ રોકડમાં ચૂકવવાની રહે છે.

(૪) આ સુધારા અન્વયે લાભ મેળવતાં તમામ કર્મચારીઓએ આ અંગેનો વિકલ્પ ઠરાવની તારીખથી એક માસમાં એટલે કે તા.૧૩/૧૧/૨૦૧૦ સુધીમાં આપવાનો રહે છે જે અંતિમ ગણાશે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**૨૯.**
**મહેકમ–અ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોમાં ચાલતા સ્વ–નિર્ભર અભ્યાસક્રમોમાં શૈક્ષણિક બિન શૈક્ષણિક કોન્ટ્રાકચ્યુઅલ / પાર્ટ ટાઈમ / એડહોક સ્ટાફને મહેનતાણુ ચૂકવવાનાં દર અને તેની શરતો નકકી કરવા વિચારણા કરવા બાબત.

**નોંધઃ–**

**(૧)** તા.૦૨–૦૮–૦૭ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંકઃ૨૦ થી યુનિવર્સિટી ખાતેનાં વિવિધ

ભવનોમાં ચાલતા સ્વ–નિર્ભર અભ્યાસક્રમમાં કોન્ટ્રાકચ્યુઅલ / પાર્ટ ટાઈમ / એડહોક ધોરણે ફરજ બજાવતાં શૈક્ષણિક– બિન શૈક્ષણિક સ્ટાફનાં મહેનતાણા / વેતનના દર નિયત કરવામાં આવેલ હતાં.

(૨) સદર બાબતે ત્રણ વર્ષ થતાં મોંઘવારી ધ્યાને લેતાં મહેનતાણાના દર સુધારવાની આવશ્યકતા જણાતાં માનનીય કુલપતિશ્રીએ કોન્ટ્રાકચ્યુઅલ / પાર્ટ ટાઈમ / એડહોક સ્ટાફનાં મહેનતાણા / વેતનના દરની સમિક્ષા તથા ભલામણ માટે નીચે મુજબ સમિતિની રચના કરેલ.

| ક્રમ | નામ | હોદ્દો | ભવન/વિભાગ |
|---|---|---|---|
| ૧. | ડો. ડી.કે.ઘોષ | અધ્યક્ષશ્રી | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન |
| ૨. | ડો. પી.એચ. પરસાણીયા | અધ્યક્ષશ્રી | રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન |
| ૩. | ડો. એચ.એચ.જોશી | ઈ.ચા.અધ્યક્ષશ્રી | ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવન |
| ૪. | ડો. એન. આર. શેઠ | અધ્યક્ષશ્રી | ફાર્મસી અનુસ્નાતક કેન્દ્ર |
| ૫. | ડો. સી.કે. કુંભારાણા | અધ્યક્ષશ્રી | કોમ્પ્યુટર સાયન્સ અનુ. ભવન |
| ૬. | શ્રીમતી એલ.વાય.ગાંધી | ઓડિટરશ્રી | ઓડિટ વિભાગ |
| ૭. | શ્રી કે. એન. ખેર | મુખ્ય હિસાબી ધિકારીશ્રી | હિસાબ વિભાગ |
| ૮. | શ્રી આર.જી. પરમાર | નાયબ કુલસચિવશ્રી | મહેકમ–અ વિભાગ |

(૩) તા.૧૮–૦૯–૦૯ના રોજ સમિતિની બેઠક મળી હતી જેનો અહેવાલ શરતો તથા પરિશિષ્ટ– ૧ થી ૫ રૂપે આ સાથે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત સમિતિનો અહેવાલ નીચે મુજબના ફેરફાર સાથે સ્વીકારવો તથા તા.૧–૧૧–૨૦૧૦ થી અમલમાં મૂકવો.**

**(૧) મહેનતાણાંના દરોની શરતો C (૭) મુજબ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક ફુલ ટાઈમ કોન્ટ્રાકચ્યુઅલ સ્ટાફ સાથે ૧૧ માસની મુદત માટેના કરાર કરવા.**

**(૨) પરિશિષ્ટ – ૧ ના ક્રમ નં. ૨ રેગ્યુલર ફેકલ્ટીઝ (જોઈન્ટ કલાસ) ને પ્રતિ સત્ર રૂા.૧૦,૦૦૦/– મહેનતાણાંની બાબત ન સ્વીકારવી.**

**(૩) પરિશિષ્ટ – ૧ ના ક્રમ નં. ૫ લેબ.આસીસ્ટન્ટ – ફુલ ટાઈમ કોન્ટ્રાકચ્યુઅલ સ્ટાફને પ્રતિમાસ રૂા.૫,૫૦૦/– ને બદલે રૂા.૬,૫૦૦/– મહેનતાણું ચૂકવવું.**

**(૪) પરિશિષ્ટ – ૧ ના ક્રમ નં. ૬ લેબ.ટેકનીશ્યન – ફુલ ટાઈમ કોન્ટ્રાકચ્યુઅલ સ્ટાફને પ્રતિમાસ રૂા.૬,૫૦૦/– ને બદલે રૂા.૭,૫૦૦/– મહેનતાણું ચૂકવવું.**

**(નોંધ :– ઉપરોકત પરિશિષ્ટ " ૮ " તરીકે સામેલ છે.)**

**૩૦.**
**શા.શિ.** બોર્ડ ઓફ સ્પોર્ટસની તા.૧૩–૭–૧૦ ની ઉકત સભાની મીનીટસ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ સ્પોર્ટસની તા.૧૩–૭–૧૦ ની ઉકત સભાની મીનીટસ મંજુર કરવી.**

**(નોંધ :– તા.૧૩–૭–૧૦ ની ઉકત સભાની મીનીટસ આ સાથે પરિશિષ્ટ – ૯ તરીકે સામેલ છે.)**

**૩૧.**
**મહેકમ–બ** ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાજકોટની કચેરીમાંથી પ્રતિનિયુકિતના ધોરણે સ્ટેનો.ગ્રેડ–૨ ની જગ્યા પર તા.૧૨–૧૦–૦૭ થી ૨૦–૫–૧૦ સુધી ફરજ બજાવેલ શ્રી એચ.એમ.જોશીને તે સમયગાળાનું ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ચૂકવવા વિચારણા કરવા બાબત.

**(નોંધ :–**

(૧) યુનિવર્સિટીમાં ઉપકુલપતિશ્રીના કાર્યાલયમાં ખાલી રહેલ પ્રાઈવેટ સેક્રેટરીની જગ્યા સામે શ્રી એચ.એમ.જોશીની પ્રતિનિયુક્તિના ધોરણે સ્ટેનો. ગ્રેડ–ર તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી.

(ર) શ્રી જોશી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાજકોટમાં ફરજ બજાવતાં હતા અને તે સંસ્થામાં નિયમાનુસાર ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મેળવતા હતા.

(૩) યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ચૂકવવામાં આવેલ નથી, આથી શ્રી જોશી અત્રે જોડાયા ત્યારે તત્કાલિન સમયે મળેલ આદેશાનુસાર ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ચૂકવવામાં આવેલ નહોતું.

શ્રી જોશીને તા.૧ર–૧૦–ર૦૦૭ થી ર૦–૦પ–ર૦૧૦ સુધીના સમયગાળાનું ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ચૂકવવું કે કેમ તે વિચારવાનું રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાજકોટની કચેરીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે સ્ટેનો.ગ્રેડ–ર ની જગ્યા પર તા.૧ર–૧૦–૦૭ થી ર૦–પ–૧૦ સુધી ફરજ બજાવેલ શ્રી એચ.એમ.જોશી કે જેઓ રાજય સરકારશ્રીના કર્મચારી હોય તેમને રાજય સરકારશ્રીના નિયમ અનુસાર પેરેન્ટ ઓર્ગેનાઈઝેશન એટલે કે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના નિયમ અનુસાર મળવા પાત્ર ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ચૂકવવું.**

**પ્રમુખશ્રીની પરવાનગીથી નીચે મુજબની આઈટેમો પર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવેલ.**

**૩ર.**
**બાંધકામ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એસ્ટેટ કમિટિની તા.૧૮–૧૦–ર૦૧૦ના રોજ બપોરના મળેલ મીટીંગની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૮–૧૦–ર૦૧૦ ની મીટીંગની કાર્યવાહી નોંધના ક્રમાંક – ૬ ની બાબત મુલત્વી રાખી અન્ય બાબતો મંજૂર કરવી.**
**(નોંધ :– કાર્યવાહી નોંધ આ સાથે પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.)**

**૩૩.**
**જોડાણ**

પ્રમુખશ્રી, શ્રી જીવરાજભાઈ બથવાર એજયુકેશન ટ્રસ્ટ, અમરેલી સંચાલિત આર્ટસ કોલેજ, દેરડી(કુંભાજી) જી.રાજકોટનું સંચાલન શ્રી ગુરૂવંદના ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટને ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર કરી સોંપવા અંગે વિચારણા કરવા બાબત.
**(નોંધ :–** પ્રમુખ/મંત્રીશ્રી, શ્રી જીવરાજભાઈ બથવાર એજયુકેશન ટ્રસ્ટ, અમરેલીનો તા.૧૭–૭–૧૦નો પત્ર, બન્ને ટ્રસ્ટના ડીડ સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જીવરાજભાઈ બથવાર એજયુકેશન ટ્રસ્ટ, અમરેલી સંચાલિત આર્ટસ કોલેજ, દેરડી(કુંભાજી) જી.રાજકોટનું સંચાલન શ્રી ગુરૂવંદના ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટને ચેરીટી કમીશ્નરશ્રી અંતર્ગત આવતી પ્રક્રિયાને આધિન ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અંગેની મંજૂરી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બન્ને ટ્રસ્ટોએ યુનિવર્સિટીએ નકકી કરેલ ટ્રસ્ટ ટુ ટ્રસ્ટ ફેરફાર અંગેની શરતોનું પરિપાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.**

**૩૪.**
**અનુસ્નાતક**

વિવિધ વિષયના ભવનોમાં એમ.ફીલ. માટે ઘણી સીટો ખાલી રહેલ છે તે ખાલી રહેલી સીટો ઉપર પ્રવેશ આપવા માટે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એમ.ફીલ. માટે ખાલી રહેલ સીટો પર પ્રવેશ આપવાની બાબત માન્ય રાખવી પરંતુ ડીસેમ્બર માસથી પ્રારંભ થનાર દ્વિતિય સત્રમાં પ્રવેશ આપવો તથા દ્વિતિય સત્રમાં પ્રવેશ લેનાર એમ.ફીલ. ના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ર૦૧૧ – ર૦૧ર ના પ્રથમ સત્ર વખતે એમ.ફીલ.નો પ્રથમ સત્રનો અભ્યાસ પૂર્ણ કરવાનો રહેશે.**

**૩૫.**
**પરીક્ષાસેલ**

રાજકોટની સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ટી.એન.રાવ કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં બી.એડ્. તથા એમ.એડ્. અભ્યાસક્રમમાં યુનિવર્સિટીમાં પ્રથમ પ્રયત્ને પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ આપવા રૂા.૧,૧૧,૧૧૧/– (અંકે રૂપીયા એક લાખ અગીયાર હજાર એકસો ને અગીયાર) દાન પેટે આપવા તેમના તા.૨૦–૧૦–૧૦ ના પત્રથી ઈચ્છા વ્યકત કરેલ છે.

**દાતાશ્રીની શરતો નીચે મુજબ છે.**

(૧) બી.એડ્. તથા એમ.એડ્. અભ્યાસક્રમમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ આપવા.

(૨) દાનની રકમ ચાલુ શૈક્ષણિક વર્ષ – ૨૦૧૦ – ૧૧ થી અમલમાં મુકવા વિનંતી.

**ગોલ્ડ મેડલ નામ નીચે પ્રમાણે રાખવા બાબત.**

(૩) " ટી.એન.રાવ કોલેજ ઓફ એજયુકેશન બીએડ્ ગોલ્ડ મેડલ "

(૪) " ટી.એન.રાવ કોલેજ ઓફ એજયુકેશન એમ.એડ્. ગોલ્ડ મેડલ "

ઉપરોકત બાબતે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબતે કામકાજ ક્રમાંક : ૩ અને ૨૦ માં નિયત કરવામાં આવેલ નીતિ પ્રમાણે અમલ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત નીતિ મુજબ હાલ સંસ્થા તરફથી આવેલ દાન સ્વીકારી ખૂટતી રકમ મંગાવવી.**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂરૂં કરવામાં આવ્યું.**

**કુલસચિવ**

નં.: સિન્ડિ/ **૮૨** /૨૦૧૦.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રા જ કો ટ.**
**તા. ૧૮–૧૧–૨૦૧૦**

**પ્રતિ,**
સિન્ડિકેટનાં સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ રવાના ::–**

૧. માન.કુલપતિશ્રી /કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.

## સિન્ડિકેટ તા.૨૨/૧૦/૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક – ૧૬

**૧૬.**
**જોડાણ**

યુ.જી.સી. ન્યુ દિલ્હીના પત્રાંક : નં. એફ–૧–૭/૨૦૦૭ (સી.પી.પી–I) ૬૮ તા.૩૦–૪–૨૦૧૦ થી મોકલવામાં આવેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેન્યુલેશન–૨૦૦૯ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી.ના ઉપરોક્ત પત્ર તેમજ પત્ર સાથે રજૂ થયેલ યુ.જી.સી. (એફીલેશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સિટીઝ) રેગ્યુલેશન–૨૦૦૯ કે જે ગેઝેટ ઓફ ઈન્ડિયા ફેબ્રુઆરી–૨૦, ૨૦૧૦ થી પ્રસિધ્ધ થયેલ છે તે સંપૂર્ણ પણે સ્વીકારવા તથા તેનો અમલ કરવો.**

**(નોંધ :– યુ.જી.સી. ન્યુ દિલ્હી તરફથી આવેલ ઉપરોક્ત પત્ર અને યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૦૯ પરિશિષ્ટ – ૦૪ તરીકે સામેલ છે.**